રે.દિ.નં. ૩૬૨/૨૦૨૩

**–:: આંક ૧ લગત હુકમ ::–**

વાદી તથા તેમના વિ.વ.શ્રી નો આ કામે આજરોજ પોકાર કરતા કરાવતા ગેરહાજર. આ હુકમ કરતા સમય સુધી તેમના તરફે કોઈ મુદત અરજી રજુ થયેલ નથી કે કોઈ મૌખીક રજુઆત કરવામા આવેલ નથી.

આ કામે પ્રતિવાદી તરફે પણ કોઈ હાજર નથી.

સદર કામે રેકર્ડ વંચાણે લઈએ તો, આ દાવો તારીખ ૧૪/૦૮/૨૦૨૩ના રોજ દાખલ થયેલ છે.સદર દાવામાં આજદીન સુધી આંક–૫ ની સુનાવણી થયેલ નથી. આ કામે પ્રતીવાદી તરફે દાવા જવાબ તારીખ ૧૩.૧૦.૨૩ ના રોજ રજુ થઈ ગયા બાદથી આ કામ આંક–૫ ની સુનાવણી માટે ચાલી આવે છે.

– આમ સતત બે વર્ષથી આ કામ આંક–૫ ની સુનાવણી માટે પેન્ડીગ છે.

– પોતાની દાવા અરજી હોવા છતા વાદી આંક–૫ ની સુનાવણી માટે હાજર રહેલ નથી.

– આ કામે રોજકામ જોતા તારીખ ૨૭.૨.૨૫ થી વાદી પોતાના જ કેસમા ગેરહાજર છે અને તે હેતુસર કોઈ મુદત અરજી કે મૌખીક લેખીત રજુઆત થયેલ નથી.

– આમ દાવા દાખલ થી ગણીયે તો બે વર્ષ થી અને રીજોઈન્ડર થી ગણીયે તો ૧ વર્ષ અને સાત માસ થી આ કામ એક જ તબકકે પેન્ડીગ રહેલ હોવા છતા વાદી આ કામે હાજર રહેલ નથી કે કોઈ મુદત અરજી રજુ થયેલ નથી.આમ વાદી એ સ્પષ્ટપણે કામ મા નીષ્કાળજી દાખવેલ છે.આમ વાદી તરફેની કાર્યવાહી ના અભાવે આ કામ દાખલ થયા તારીખ થી એકજ તબકકે પડી રહેલ છે.

આ કામે રેકર્ડ જોવામા આવે તો વાદી તરફે આંક–૫ ની લેખીત દલીલઆંક–૧૯ થી રજુ થયેલ છે. પરંતુ આ અદાલતનો ચાર્જ સંભાળ્યા તારીખ થી અમો નીચે સહી કરનાર સમક્ષ વાદી હાજર થયેલ નથી કે પોતાનો આંક–૫ ચલાવવા કોઈ રજુઆત કરેલ નથી. આમ દાખલ તારીખ થી ગણવામા આવે તો,**૨ વર્ષ** જેટલો સમય વ્યતીત થયેલ હોવા છતા વાદી પક્ષે આ કામ આગળ ચાલે તે માટે કોઈ જ પ્રયત્ન કરેલ નથી .

આમ, માત્ર કોઈ અરજી કે કેસ અદાલતમા પેન્ડીગ રહેલ છે તેટલા માત્રથી રેકર્ડસ નીયમીત કરવાની જવાબદારી જે તે અદાલતનીજ ના ઠરાવી શકાય ,પોત–પોતાના તબકકે પોતાના પુરાવા અથવા તો દસ્તાવેજો રજુ કરી તે રેકર્ડ પર પુરાવા તરીકે ગ્રાહય રહે તે જોવાની જવાબદારી અદાલત કરતા વીશેષ બંને પક્ષકારો પર રહે છે. તથા રેકર્ડ નીયમીત કરવા માટેની યોગ્ય કાર્યવાહી કરવાની જવાબદારી આ અદાલતની સાથે સાથે કોર્ટ અધિકારી તરીકે બંને પક્ષકારોના વિધ્વાનવકીલશ્રીઓની પણ બને છે.જે આ રેકર્ડ વંચાણે લેતા વાદી પક્ષે દરકાર લીધેલ હોય, તેમ જણાય આવતુ નથી.

વધુમા માત્ર અરજીઓ કરવી અથવા તો દર મુદતે અરજી રજુ કરી દેવી, અથવા તો હાજર રહેવુ એને જ આ કામે કાર્યવાહી કરવાના પુરતા પ્રયત્નો કહી ના શકાય. કેસના તબકકા વાર કાયદામાન્ય પધ્ધતી મુજબની અરજી કરવી , અને તે મુજબ ના પ્રયત્ન કરવાથી કેસમા આગળ ધપી શકાય જે અહી આગળ ઉપર ચર્ચા કરી તે મુજબની કોઈ પણ પ્રક્રીયા વાદી એ કરેલ નથી.

આ અગાઉની મુદતે વાદી પક્ષને નયાય ના હીતમા વગર કોઈ અરજી –રજુઆતે જ મુદતો અપાયેલ હોવા છતા આજરોજ દાવા કામે કોઈ મુદત અરજી કે કોઈ લેખીત કે મૌખીક રજુઆત થયેલ નથી. આમ રેકર્ડ વંચાણે લેતા, સદર દાવા લગત દાવો દાખલ થયા બાદ થી સતત આંક–૫ ની સુનાવણી માટે જ પેન્ડીગ છે.આમ છતા વાદી તરફે પોતાનો દાવો આગળ ચલાવવા અન્ય કોઈ પ્રયત્નો કરવામા આવેલ હોય, તેવુ રેકર્ડ જોતા ફલીત થતુ નથી, આમ આ દાવો દાખલ થયા તારીખ થી રજુ પણ આગળની કાર્યવાહી તથા આંક–૫ ની સુનાવણી હેતુ જ ચાલી આવે છે.

આમ ઉપરોકત તમામ ચર્ચા, તારણો અને કારણો ધ્યાને લેતા એમ જણાઈ આવે છે કે વાદી પોતાના દાવા પ્રત્યે લેશમાત્ર ગંભીર નથી અને તેને દાવામા કોઈજ પ્રકારનો રસ નથી, તથા વાદીએ કે તેમના વિ.વ.શ્રીએ આ સમગ્ર સમયગાળા દરમ્યાન એકબીજાનો સંપર્ક કરેલો હોય તેવુંપણ જણાતું નથી અને વાદી સ્થાનીક અમદાવાદ ના જ રહેવાસી હોય તેથી જો ખરેખર વાદીને દાવો ચલાવવામાં રસ હોય તો, કે વાદી ન્યાયની ઝંખના સેવતો હોત તો વાદી આ સમય દરમયાન ચોકકસ આ દાવા કામે હાજર રહી આગળ કામગીરી કરી શકયા હોત. આમ છતાં વાદી આ દાવો આગળ ધપાવવા માં સદંતર નિષ્ફળ ગયેલા છે અને વાદીને પોતાના દાવામાં કોઈ જ રસ હોવાનું જણાઈ આવતુ નથી.

આવા સંજોગોમાં વાદી તરફે દાવામાં તેમના બેદહ પ્રમાદીપણા, દાવા પ્રત્યેની નિરસતા અને ઉદાસીનતા ધ્યાને લેતા તથા આ દાવો વર્ષ–૨૦૨૩મા દાખલ થયેલ ૨ વર્ષ જુની એક જ તબકકે

અટકી ગયેલ મેટર હોય, દાવા લગત વાદી હાજર રહેતા ના હોય, વાદી માત્ર જરુરી કામગીરી કરી શકે તે હેતુ થી તેમને અવીરત સમય , કોઈ પણ અરજી રજુઆત વગર આપી શકાય નહી તેવુ આ અદાલતનુ માનવુ હોય, , એવા સંજોગોમા આ દાવામાં હવે, ન્યાયના હીતમા વધુ મુદત આપી શકાય નહી. આથી વાદીનો દાવો ડીસમીસ ફોર વોન્ટ ઓફ પ્રોસીકયુસન કરવાનું ન્યાયોચિત જણાતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવમાં આવે છે.

–:: હુકમ ::–

૧) વાદીનો દાવો સીવીલ પ્રોસીજર કોડ ના હુકમ–૯ નિયમ–૫ મુજબ વાદીની ગેરહાજરી સબબ કાઢી નાખવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તારીખ ૨૮મી નવેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૨૮–૧૧–૨૦૨૫
ગાંધીનગર.

(એફ.એન.સોલંકી)
૩ જા અધિક સીવીલ જજ– ગાંધીનગર.
(જજ કોડ–જીજે.૦૧૫૫૨)